# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-10-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કેન્દ્રીય મંત્રી મંડળ બેઠક

**કેન્દ્રીય મંત્રીમંડળે કેન્દ્ર સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું અને પેન્શનરોને મોંઘવારી રાહતમાં ત્રણ ટકાનો વધારો મંજૂર કર્યો છે. આજે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આનાથી લગભગ 49.2 લાખ કેન્દ્રીય સરકારી કર્મચારીઓ અને 68.7 લાખ પેન્શનરોને ફાયદો થશે. આ વધારો 1 જુલાઈ, 2025થી અમલમાં આવશે.**

**કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં દેશભરમાં 57 નવા કેન્દ્રીય વિદ્યાલય ખોલવા, કઠોળમાં આત્મનિર્ભરતા માટેના મિશન અને માર્કીટીંગ સીઝન 2026-27 માટેના રવિ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરવાની મંજૂરી અપાઇ છે.**

**-------------------------------------------------------------------------------------**

## રાજનાથસિંહ કચ્છની મુલાકાતે

**દેશના સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન શ્રી સિંહ આજે ભુજમાં મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાંઉપસ્થિત રહેશે. તેમજ આવતીકાલે બીજી ઓક્ટોબરે દશેરાના દિવસે કચ્છ સરહદે લક્કીનાળા મિલેટરી ગેરિસન ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત (મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત) નિહાળવા સાથે શસ્ત્ર પૂજન કરશે. સંરક્ષણમંત્રીના હસ્તે લક્કીનાળામાં જવાનો માટેની વિવિધ નવીન સુવિધાઓનું લોકાર્પણકરવામાં આવશે તેમજ સૈનિકો સાથેવાર્તાલાપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.તેમની સાથે આર્મી ચીફ ઉપેન્દ્ર ત્રિવેદી પણ રહેશે. કાર્યક્રમમાં આર્મી હેડક્વાટરના વિવિધ**

વરિષ્ઠ અધિકારીઓ અને મુખ્યાલય સર્ધન કમાન્ડના અધિકારીઓ તથા વાયુસેના, નૌકાદળ કોસ્ટગાર્ડ અને બીએસએફના અધિકારી અને જવાનો હાજરી આપશે. ઉલ્લેખનીય છે કે, શ્રી સિંહ પાંચ મહિનાના માસના ટૂંકા ગાળામાં બીજી વાર સરહદી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. તાજેતરમાં ગત મે માસમાં ઓપરેશન સિંદૂર બાદ જવાનોના જુસ્સાને બુલંદ કરવા સંરક્ષણમંત્રી ભુજ આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## સ્વસ્થ નારી : સશક્ત પરિવાર પખવાડિયો

સ્વસ્થ નારી– સશક્ત પરિવાર પખવાડિયું" અંતર્ગત રતનાલ, સોનલનગર, લાકડીયા, નાના ભાડિયા ખોખરા તેમજ સાયરાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે મેડીકલ કેમ્પ યોજાયા હતા બહોળી સંખ્યામાં મહિલાઓ તરૂણીઓ તથા બાળકોએ લાભ લીધો હતો.

કેમ્પમાં કિશોરીઓ અને મહિલાઓના સ્વાસ્થ્યની તપાસ, ગર્ભવતી મહિલાઓની તપાસ, ટી.ડી રસીકરણ, આંખની તપાસ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની તપાસ, ૦થી ૫ વર્ષના બાળકોની તપાસ કરવામાં આવી હતી તેમજ પી.એમ.જે.એ.વાય અને આભા કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં લાકડીયા સેજાના આંગણવાડી વર્કર બહેનો દ્વારા વાનગી નિર્દેશન પણ રાખવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક

કચ્છ કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને કચ્છમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટી તેમજ પ્રાકૃતિક કૃષિની સમીક્ષા બેઠક આજે ભુજ ખાતે યોજાઇ હતી. આત્મા દ્વારા કલેક્ટરશ્રીને જિલ્લામાં ચાલી રહેલા પ્રાકૃતિક કૃષિના અભિયાન

અંગે જાણકારી આપવામાં આવી હતી. બેઠકમાં નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ સહિત વિવિધ મિશન અને યોજનાઓની ચર્ચા તથા કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

------------------------------------------------------------------------------------------

## વરસાદ

રાજ્ય પર સર્જાયેલી ત્રણ અલગ-અલગ સિસ્ટમના પ્રભાવથી જિલ્લાના છૂટાછવાયા વિસ્તારોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઝરમરથી ઝાપટા સ્વરૂપે વરસાદ વરસી રહ્યો છે. આજે સવારથી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ધાબડિયો માહોલ જોવા મળ્યો હતો. ભુજ, અંજાર, મુન્દ્રા, માંડવી પંથકના કેટલાક વિસ્તારોમાં છાંટા કે ઝાપટા સ્વરૂપે વરસાદ વરસ્યો હતો. ભચાઉ અને ગાંધીધામ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં હાલ વરસાદ પડી રહ્યો હોવાના અહેવાલ મળ્યા છે.  કચ્છ પર સર્જાયેલી સિસ્ટમ આજે ડિપ્રેશનમાં ફેરવાય તવી સંભાવના છે જેના પગલે કચ્છના અખાત, દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ઝડપ વધવાની સ્રભાવના છે.  હવામાન વિભાગની આગાહી અનુસાર લો-પ્રેસર સિસ્ટમ કચ્છથી ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ ધપશે જેના કારણે કચ્છમાં વધુ ત્રણ દિવસ સુધી કચ્છમાં અમક સ્થળો પર મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવના છે.

------------------------------------------------------------------------------------------

## નવી એમ્બ્યુલન્સ અર્પણ

કચ્છમાં આરોગ્ય  સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના લક્ષ્ય સાથે ભુજ ખાતે કુલ નવ આરોગ્ય એમ્બ્યુલન્સને નાગરિકોની સેવામાં અર્પણ કરાઇ હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, 15મા નાણાપંચની  ગ્રાન્ટમાંથી, જિલ્લાની ગ્રાન્ટમાંથી આઠ, તાલુકાની ગ્રાન્ટમાંથી એક આમ કુલ નવ એમ્બ્યુલન્સ અને 22 ફોગિંગ મશીન રૂા. 1.68 કરોડના ખર્ચે જિલ્લા પંચાયત અને તાલુકા દ્વારા ખરીદવામાં આવ્યા છે. આ સાધનોની મદદથી આરોગ્ય સેવામાં વધારો થશે.

------------------------------------------------------------------------------------------

# પશુપાલકો દ્વારા પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કરાયો

**ભારત સરકાર દ્વારા કૃષિ અને ડેરી ઉદ્યોગના હિતમાં લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણયોથી કચ્છના ગામડાઓમાં પશુપાલકોમાં આનંદ અને ઉત્સાહની લાગણી છવાઈ ગઈ છે. સહકારથી સમૃદ્ધિ પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર સરકારે તાજેતરમાં વિદેશથી કૃષિ અને ડેરી ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે તેમજ જીએસટીના દરોમાં રાહત આપી છે. આ ઐતિહાસિક નિર્ણયથી સહકારી મંડળીઓ તથા દૂધ ઉદ્યોગને સીધો લાભ મળ્યો છે. પરિણામે પશુપાલકો તથા દૂધ ઉત્પાદક મંડળીઓ આર્થિક રીતે વધુ સક્ષમ બની શકશે. સરકારના નિર્ણયને આવકારતા અંજાર તાલુકાની સરહદ ડેરી કચ્છ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડના સભ્યો, પશુપાલકો અને સંઘના સભાસદો દ્વારા એક સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પોસ્ટકાર્ડ લખીને અભિનંદન પાઠવ્યા અને દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.**

**-------------------------------------------------------------------------------------------**